# પેટ્રોલમાં લીટર દીઠ રૂપિયા ૧.૮૨નો વધારો



નવી દિલ્હી,તા. ૨૮

પેટ્રોલની કિંમતમાં ફરી એકવાર લીટરદીઠ ૧.૮૨નો કમરતોડ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકો પર વધુ એક બોજ નાંખવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં આ જ મહિનામાં ત્રીજી વખત વધારો કરવામાં આવતા લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યુ છે. ડોલર સામે રૂપિયો નબળો પડ્યા બાદ આયાત વધુ મોંઘી થઈ છે. લોકલ સેલ્સટેક્સ અને વેટ સિવાય પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧.૮૨નો વધારો કરવામાં આવ્યો છે પરંતુ ગુજરાતમાં આ ભાવ વધારો લીટરદીઠ ૨.૨૮નો છે. કારણ કે ૪૬ પૈસા વેટ પણ લાગુ પડે છે. ૪૬ પૈસા વેટને અમલી બનાવવામાં આવતા અમદાવાદ શહેરમાં પેટ્રોલના ભાવ લીટરદીઠ ૭૨.૦૬ થઈ ગયો છે. જ્યારે સૂરતમાં ૭૧.૯૪નો થયો છે. ગુજરાતમાં લોકો પર વધુ બોજ પડ્યો છે. હાલમાં પેટ્રોલની કિંમતમાં વારંવાર વધારો કરવામાં આવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય પરિબળો જવાબદાર હોવાની દલીલ કરાઈ રહી છે. આગામી સપ્તાહની શરૂઆતમાં ડિઝલની કિંમતમાં પણ વધારો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઓઈલ કંપનીઓએ લોકલ સેલ્સટેક્સ અથવા વેટ સિવાય પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧.૮૨નો વધારો કર્યો છે. આ ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે. વાસ્તવિક વધારો આનાથી પણ વધારે રહેશે કારણ કે દરેક શહેરમાં લોકલ ટેક્સ જુદા લાગુ પડે છે. આજના ભાવવધારાની સાથે જ દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને ૬૮.૫૮ થઈ છે. દિલ્હીમાં લીટરદીઠ ૨.૧૯નો વધારો કરાયો છે. હજુ સુધી દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૬૬.૩૯ હતી. આ મહિનામાં રેટમાં ત્રીજી વખત વધારો કરાયો છે. ઓઈલ કંપનીઓએ પહેલી જૂનના દિવસે પેટ્રોલની કિંમતમાં વેટ સિવાય ૭૫ પૈસાનોવધારો કર્યો હતો. ૧૬મી જૂનના દિવસે લીટરદીઠ બે રૂપિયાનોવધારો કર્યોહતો. કિંમતોમાંઆ સુધારોદર પખવાડિયેખર્ચ મુજબ છે.

# શેરબજારમાં તીવ્ર તેજી : ૫૨૦ પોઈન્ટનો સુધારો

મુંબઈ,તા. ૨૮

શેરબજારમાં આજે સતત બીજા દિવસે તીવ્ર તેજી જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં તેજી અને કુદરીત ગેસની કિંમતોમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ એનર્જીના શેરમાં તીવ્ર લેવાલી જોવા મળી હતી જેના પરિણામ સ્વરૂપે શેરબજારમાં તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૫૨૦ પોઈન્ટ સુધરીને ૧૯૩૯૬ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નીફ્ટી ૧૬૦ પોઈન્ટ અથવા તો ૨.૮૧ ટકા સુધરીને ૫૮૪૨ની ઉંચી સપાટીએ રહ્યો હતો. સેન્સેકસ અને નીફ્ટી બંને ઈન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૯૪૩૩ અને ૫૮૪૨ની સપાટીએ રહ્યો હતા. ઈક્વીટીમાં જોરાદર તેજી અને સીએડીમાં ઘટાડો થયા બાદ અમેરિકી ડોલર સામે રૂપિયો તીવ્રરીતે ખુલ્યો હતો. વૈશ્વિક બજારમાંથી આજે તેજી જોવા મળી હતી. જાપાનના નીક્કીમાં ૩.૫ ટકાનો મોટો ઉછાળો નોંધાયો હતો. એશિયન બજારમાં તેજીના કારણે હકારાત્મક સ્થિતિ સર્જાઈ હતી. નીક્કી ૪૬૪ પોઈન્ટ સુધરીને ૧૩૬૭૭ની સપાટીએ રહ્યો હતો જે ૩૧મી મે બાદથી સૌથી ઉંચી સપાટી છે. આ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન ૩.૪ ટકાનો સુધારો થયો છે. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બીએસઈ મેટલ ઈન્ડેક્સમાં આશરે પાંચ ટકાનો સુધારો નોંધાયો હતો. પીએસયુ, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, ઓટો, આઈટી, પાવર, રિયાલિટી, બેંકમાં તેજી નોંધાઈ હતી. આ તમામમાં ૧-૪ ટકાનો સુધાર થયો હતો. કોલ ઈન્ડિયામાં ૫.૬ ટકા સુધીનો મોટો સુધારો જોવા મળ્યો



હતો. કેબિનેટ કોલ રેગ્યુલેટરની રચના કરવા માટે સહમત થઈ ચુકી છે. બીએસઈમાં આજે ઓઈલ એન્ડ ગેસ કંપનીઓના શેરમાં લેવાલી જામી હતી. ઓએનજીસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, કેયર્ન ઈન્ડિયાના શેરમાં સુધાર થયો હતો. આ તમામમાં ૩-૪ ટકાનો સુધાર થયો હતો. જેએસપીએલમાં સૌથી મોટો ઉછાળો સેન્સેક્સના શેરમાં જોવા મળ્યો હતો. તેમાં આશરે આઠ ટકાનો સુધાર રહ્યો હતો. ભેલ, સ્ટરલાઈટ, બજાજ, ગેઈલ, તાતા પાવર, હિન્ડાલ્કોમાં ૪-૭ ટકા વચ્ચેનો સુધાર રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧-૨-૩ ટકા સુધીનો સુધાર નોંધાયો હતો. માર્કેટ બ્રિડથની વાત કરવામાં આવે તો બીએસઈમાં આજે જે કારોબાર થયો હતો તે પૈકી ૧૫૩૫ શેરમાં તેજી અને ૮૫૯ શેરમાં મંદી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ગઈકાલે પણ તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે ગઈકાલે સેન્સેકસ ૩૨૪ પોઈન્ટ અથવા તો ૧.૭૫ ટકા સુધરીને ૧૮૮૭૬ની ઊંચી સપાટીએ રહ્યો હતો. જ્યારે ૫૦ શેર નીફ્ટી ૯૪ પોઈન્ટ સુધરીને ૫૬૮૨ની સપાટીએ રહ્યો હતો. આજે દિવસ દરમિયાન શેરબજારમાં સુધારાવાળી સ્થિતિ રહેતા કારોબારીઓમાં ખુશી જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં પણ તેજીની અસર રહી હતી. અપેક્ષા કરતા ઓછા વર્તમાન ખાતાકીય ખાદ્યના આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેની પણ અસર રહી હતી. છેલ્લા બે દિવસમાં સેન્સેક્સમાં ૮૪૪ પોઈન્ટનો સુધારો નોંધાયો છે. બે દિવસમાં જ જંગી સુધારાના પરિણામ સ્વરૂપે ફરી એકવાર સ્થિતિ સાનુકૂળ બની રહી છે.

## સોનાના વેચાણ માટે એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ નહીં જ સ્વીકારે

નવી દિલ્હી,તા. ૨૮

સોના માટેની માંગને અંકુશમાં મુકવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે સાથે સાથે તેની આયાતને ઘટાડવાના પ્રયાસો પણ હાથ ધરાયા છે. આવા પ્રયાસોને હવે ફાઈનાન્સિયલ સર્વિસની કંપનીઓ પણ ટેકો આપી રહી છે. સોના આધારિત ફંડના વેચાણને રોકવાના રિલાયન્સ કેપિટલના નિર્ણય બાદ હવે એચડીએફસી બેંક પણ આ જ દિશામાં આગળ વધી છે. એચડીએફસી બેંકે સોનાની ખરીદી માટે ક્રેડિટ કાર્ડના ઉપયોગને રોકવાનો નિર્ણય કર્યો છે. એચડીએફસી બેંક સોનાના વેચાણ માટે ક્રેડિટ કાર્ડને સ્વીકારશે નહીં. દેશની બીજી સૌથી મોટી ખાનગી સેક્ટરની બેંકે સોનાના સિક્કાની ખરીદી માટે ક્રેડિટ કાર્ડ સ્વીકાર ન કરવા તેની શાખાઓને આદેશ કર્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પહેલાથી જ હોલસેલ આધાર પર સોનાના સિક્કાના વેચાણને બંધ કરવા નિર્ણય કર્યો છે. અગાઉ નાણાં પ્રધાન પી ચિદમ્બરમે સોનાનું વેચાણ બંધ કરવા બેંકોને સ્પષ્ટ સૂચના આપી હતી.

## ડોલર સામે રૂપિયામાં ૮૦ પૈસાનો સુધાર થયો

શેરબજારમાં જોરદાર તેજીના પરિણામ સ્વરૂપે રૂપિયો આજે ૮૦ પૈસા સુધરીને બંધ રહ્યો હતો. છેલ્લા નવ મહિનાની અંદર સૌથી મોટો એક દિવસનો સુધાર નોંધાયો છે. અમેરિકી ફેડરલ દ્વારા કેટલાક પગલાઓની નકારાત્મત અસર થશે નહીં તેવી આશા બાદ આ સ્થિતિ સર્જાઈ છે. રૂપિયો આજે સવારે ગઈકાલના ૬૦.૧૯ની સપાટી સામે ૫૯.૯૫ની સપાટીએ ખુલ્યો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ ખાતે કારોબાર વેળા રૂપિયો તરત જ ૬૦.૦૨ સુધી પહોંચી ગયો હતો. મોડેથી તેમાં ઝડપથી રિબાઉન્ડની સ્થિતિ સર્જાઈ હતી. કારોબારના અંતે ૫૯.૩૯ની સપાટીએ સ્થિત થતા પહેલા રૂપિયો ૫૯.૨૧ સુધી પહોંચ્યો હતો. આની સાથે જ તેમાં ૮૦ પૈસાનો સુધાર થયો હતો. અથવા તો ૧.૩૩ ટકાનો વધારો નોંધાયો હતો. ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૨ બાદથી રૂપિયામાં એક દિવસનો સૌથી મોટો સુધાર નોંધાયો હતો.

## દુર્ઘટનામાં શહીદ થયેલા ૨૦ જવાનોને 'ગાર્ડ ઓફ ઓનર'

દેહરાદૂન,તા. ૨૮

ઉત્તરાખંડમાં કુદરતી હોનારત બાદ ગૌરીકુંડમાં રાહત અને બચાવ કામગીરી દરમિયાન હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા તમામ ૨૦ જવાનોને આજે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યુ હતુ. ગાર્ડ ઓફ ઓનર આપવાના કાર્યક્રમમાં ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે અને સેનાના પ્રમુખ જનરલ વિક્રમસિંહ પણ હાજર રહ્યા હતા. હેલિકોપ્ટર દુર્ઘટનામાં એનડીઆરએફના નવ જવાનો, આઈટીબીપીના છ જવાનો અને ભારતીય હવાઈદળના પાંચ જવાનો શહીદ થયા હતા. હવાઈદળનું એમઆઈ-૧૭ હેલિકોપ્ટર ખરાબ હવામાનના કારણે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ હતુ. અત્રેનોંધનીય છે કે હેલિકોપ્ટર દુર્ઘટનામાં ૨૦ જવાનોના મોત થયા હતા.


આ અગાઉ ભૂમિસેનાના વડા વિક્રમસિંહ રાહત કામગીરીની સમીક્ષા કરવા અને ગૌરીકુંડ નજીક મંગળવારના દિવસે હેલિકોપ્ટર દુર્ઘટનામાં માર્યા ગયેલા ૨૦ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા સવારે ગૌચર પહોંચ્યા હતા. ખરાબ હવામાનના કારણે સેના પ્રમુક પરત દહેરાદૂન આવ્યા હતા. જો કે આજે ગાર્ડ ઓફ ઓનર વેળા શહીદોને લઈને જવાનોએ ગર્વની લાગણી અનુભવી હતી. ખરાબ હવામાન અને પ્રતિકૂળ સંજોગો હોવા છતાં આ જવાનોએ બચાવ કામગીરીમાં ભૂમિકા ભજવી હતી. ખરાબ હવામાન વચ્ચે તેમનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ. શહીદ થયેલા જવાનોના પરિવારને નાણાંકીય વળતર આપવાની જાહેરાત કરી દેવાઈ છે પરંતુ તેમને આજે ગાર્ડ ઓફ ઓનર આપીને સન્માનિત કરાયા હતા. ૨૦ જવાનો શહીદ થયા હતા. દહેરાદૂનમાં ગાર્ડ ઓફ ઓનરની વિધિ યોજાઈ હતી. આઈએએફના હેલિકોપ્ટરો હજુ પણ બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા છે. સેનાના વડા વિક્રમસિંહે કહ્યુ હતુ કે પુરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી જારી રહેશે.

## આવકવેરા કરદાતાઓ પર ચાંપતી નજર

### ૧૨ લાખ કરદાતાઓને પત્રો મોકલાશે

નવી દિલ્હી,તા. ૨૮

ટેક્સની ચૂકવણી નહીં કરેલા લોકો ઉપર આગામી દિવસોમાં જોરદાર તવાઈ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આવકવેરા વિભાગે ટેક્સ ન ભરનાર લોકો ઉપર સકંજો મજબૂત બનાવીને હવે આશરે ૧૨ લાખ કરદાતાઓને પત્રો મોકલવાની શરૂઆત કરી દીધી છે. જંગી ખર્ચ કરનાર પરંતુ રિટર્ન દાખલ નહીં કરનાર લોકોને પ્રથમ તબક્કામાં આવરી લેવામાં આવ્યા છે. નાણાં મંત્રાલયના અધિકારીઓ દ્વારા મુજબની માહિતી આપવામાં આવી છે. આઈટી વિભાગે આશરે ૧૨ લાખ કરદાતાઓને રિમાઈન્ડર મોકલવાની શરૂઆત કરી દીધી છે. આવકવેરા વિભાગે ટેક્સ રિટર્ન દાખલ નહીં કરવા બદલ ૧.૭૫ લાખ ઉચ્ચ પ્રાથમિકતાવાળા કરદાતાઓને પત્રો જારી કરી દીધા છે. નાણામંત્રી પી. ચિદમ્બરમ્ ગઈકાલે ટોચના આઈટી અધિકારીઓને મળ્યા હતા અને કરવેરાની જાળને વિસ્તૃત કરવા તથા મહેસૂલી વસૂલાતને વધારવાના પાસાંઓ ઉપર ચર્ચા વિચારણા કરી હતી.



આવકવેરા વિભાગે તેમની માહિતી રેકોર્ડના આધાર ઉપર આવકવેરા રિટર્ન દાખલ નહીં કરનાર લોકોની યાદી તૈયાર કરી દીધી છે. વિભાગે રિટર્ન ફાઈલ કરવા ઉપર નજર રાખવા એક મેનેજમેન્ટ સેલની રચના પણ કરી છે. અગાઉ જે લોકોને પત્રો મોકલવામાં આવ્યા હતા તે ૧.૭૫ લાખ લોકોને હવે રિમાઈન્ડર મોકલીને જાણ કરવામાં આવી છે. નાણામંત્રાલયના અધિકારીઓએ એન્યુઅલ ઈન્ફરમેશન રિટર્ન (એઆઈઆર) સેન્ટ્રલ ઈન્ફરમેશન બ્રાન્ચ (સીઆઈબી) અને ટીડીએસ/ટીસીએસ રિટર્નની માહિતીમાં ચકાસણી હાથ ધરી છે. આ ઉપરાંત આઈટીના અધિકારીઓએ ફાઈનાશિયલ ઈન્ટલિજન્સ યુનિટ પાસે ઉપલબ્ધ આંકડાની પણ ચકાસણી કરી છે. આ પત્રો ચિદમ્બરમ્ દ્વારા હાથ ધરવામાં આવેલી મહેસૂલી ઝુંબેશ એકત્રિત કરવાની પ્રક્રિયાના ભાગરૂપે છે.

ઘણા કરદાતાઓ ટેક્સ વિભાગ તરફથી પત્રો મળ્યા બાદ રિટર્ન ભરવાની શરૂઆત પણ કરી ચૂકયા છે. સરકાર વર્તમાન નાણાંકીય વર્ષમાં પ્રત્યક્ષ કરવેરામાંથી ૬.૬૮ લાખ કરોડ એકત્રિત કરવાની યોજના ધરાવે છે જે અગાઉના વર્ષમાં ૫.૬૫ લાખ કરતા વધારે છે.

## વધુ એક ભારતીય કેદીની પાકિસ્તાનની જેલમાં હત્યા

લાહોર,તા.૨૮

તાજેતરમાં જ પાકિસ્તાનની કોટ લખપત્ત જેલમાં કેદીઓ દ્વારા થયેલા હુમલાના કારણે ગંભીર ઈજા પામેલ સરબજીતસિંહના મોત થયા બાદ વધુ એક ભારતીય કેદીનું હોસ્પિટલમાં મૃત્યુ નીપજ્યું છે. ભારતીય કેદીની હત્યાની આશંકા બાબતે હાલમાં ઈન્કાર કરી શકાય તેમ નથી.

સૂત્રો જણાવે છે કે અમૃતસર પાસેના એક ગામનો રહેવાસી જાકીર મુમતાઝ બીમાર પડી જતા તેને બુધવારે જીન્ના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સૂત્રો જણાવે છે કે ૫૦ વર્ષના મુમતાઝની શંકાસ્પદ હાલતમાં હૃદયરોગનો હુમલો થવાથી મોત થયું છે. જો કે તેઓ જણાવે છે કે, મુમતાઝના મોતનું કારણ પોસ્ટમોર્ટમ થયા બાદ જાણી શકાશે. ભારતીય નાગરિકને ગેરકાયદેસર રીતે પાકિસ્તાનની સીમામાં ઘૂસી જવાના આરોપ હેઠળ ૩ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.

## સમાચાર ઝલક

- ડીસામાં માર્કેટયાર્ડમાં અસામાજિક તત્વોની હેરાનગતિ સામે વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો...
- દિયોદર મામલતદાર કચેરીમાં સ્વાગત કાર્યક્રમનો ફિયાસ્કો, અધિકારીઓ હાજર રહ્યા નહિ...
- લાંબા અંતરના પ્રવાસ માટે ભારતીયો ટ્રેનની મુસાફરી વધુ પસંદ કરે છે.
- કેદારનાથમાં શનિવારથી પૂજા-અર્ચના કરાશે...
- પાકિસ્તાની જેલમાં ભારતીય કેદીની હત્યા.
- ભારતનું વિદેશી દેવું ૩૯૦ અબજ કરોડ.
- કેદારનાથમાં મૃતદેહોની ઓળખ કરવી મુશ્કેલ...
- હોકી ઇન્ડિયાએ દાનની પહેલ કરી, ક્રિકેટ બોર્ડ હજુ દ્વિધામાં...
- ઘોઘાનાં નાયબ મામલતદાર લાંચ લેતાં રંગે હાથે ઝડપાયા.
- નર્મદા બંધની ઊંચાઇ વધારવાનો માર્ગ મોકળો બન્યો...
- અનિલ અંબાણી અને પોસ્ટ વિભાગ બેંક ખોલશે...
- ભરૂચ જેલમાં ૬૦ કેદીઓનું ભાગી છૂટવાનું ષડયંત્ર ઝડપાયું.
- ચીન અને પાકિસ્તાનમાં મોટા પાયે હિંસા, પોલીસ પર પણ હુમલો...
- લાંબા સમય સુધી બેસવાથી આયુષ્ય ઘટે છે : અહેવાલ
- હવે પાનકાર્ડમાં પણ કેવાયસી નિયમ દાખલ કરાશે.
- ગુજરાતમાં દર ૧૫ મિનિટે ૧ માર્ગ અકસ્માત, દર કલાકે હાઇવે ૧ વ્યક્તિને ભરખી જાય છે.
- વૃક્ષારોપણ મોંઘું પડશે, ટ્રી-ગાર્ડના ભાવ ડબલ!
- ખર્ચ પેટર્નમાં ધરખમ પરિવર્તન, ખાદ્યચીજો-ખાનપાનનાં ખર્ચમાં ઘટાડો, મોજશોખનાં ખર્ચમાં વધારો...
- કેદારનાથની બેંકમાંથી કરોડો લૂંટી જતા સાધુસંતો.
- શ્રીમતી ઇન્દિરા ગાંધી પર ફિલ્મ બનશે, સુસાન મુખ્ય ભૂમિકામાં...
- ૨૦૧૫ના વર્લ્ડ કપમાં ભારતનાં મુખ્ય ખેલાડીઓ તરખાટ મચાવશે : પૂર્વ ક્રિકેટરોનો અભિપ્રાય.

# સુપ્રસિદ્ધ યાત્રાધામ કેદારનાથ મંદિરના શુદ્ધિકરણનો પ્રારંભ

દહેરાદૂન,તા.૨૮

ઉત્તરાખંડમાં થયેલી તબાહી પછી તેના હજુ પણ રાહત કાર્યમાં



કાર્યરત છે ત્યારે એક તરફ તબાહીગ્રસ્ત વિસ્તારોમાં સૌથી વધારે ક્ષતિગ્રસ્ત થયેલ કેદારનાથ મંદિરમાં પૂજા-અર્ચના શરૂ કરવા માટે મંદિર સમિતિની કસરત તેજ બની છે. કેદારનાથ મંદિરનું શુદ્ધિકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સમિતિના સભ્યો જણાવે છે કે જ્યાં સુધી મંદિરનું શુદ્ધિકરણ થઈ શકે નહી ત્યાં સુધી પૂજા પણ કરી શકાય નહી.

ગઈકાલે હરીદ્વારમાં મંદિર સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે મંદિરની સફાઈ અર્થે એક ટુકડી કેદારનાથ પહોંચશે સૂત્રો જણાવે છે કે સેનાનું રાહત અને બચાવ અભિયાન પૂરું થઈ શકે તેમ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેદારનાથ મંદિરની પૂજા અંગેની પરંપરાને મુદ્દે એક વિવાદ ઉભો થયો હતો. મંદિરના પૂજારી કહે છે કે જ્યાં સુધી મંદિર સાફ અને શુદ્ધ નહિ થાય ત્યાં સુધી પૂજા શરૂ નહી કરી શકાય. શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીએ એક બેઠક દરમિયાન કહ્યું હતું કે અમે અમારી એક ટીમ મંદિરમાં મોકલી દીધી છે પણ સરકાર અમને આ મુદ્દે પરવાનગી ન આપે ત્યાં સુધી કંઈ થઈ શકે નહી.મુખ્યમંત્રી વિજય બહુગુણાએ આ બાબતે જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી સાથે ફોન ઉપર વાત કરી હતી.

કહેવાય છે કે તેમણે પણ અનુમતિ આપી છે વિશ્વનાથ મંદિર ગુપ્તકાશીમાં સંપન્ન થયેલા બદ્રીકેદાર મંદિર સમિતિની એક બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ૨૨ સભ્યોનું એક દળ આવતીકાલે કેદારનાથ મંદિર માટે રવાના થશે. પદયાત્રા માટેનો રસ્તો અત્યંત ક્ષતિગ્રસ્ત હોવાના કારણે હેલીકોપ્ટર દ્વારા મંદિર સમિતિના કર્મચારીઓ પહોંચાડવામાં આવશે જેમાં બે પૂજારીઓનો સમાવેશ કરાશે. મંદિર પરિસર અને ગર્ભગૃહ સહિત તમામ સ્થાનોની સફાઈ કરવામાં આવશે અને મંદિરને ધોવામાં આવશે ત્યારબાદ હવન દ્વારા શુદ્ધિકરણ કરાશે પહેલા તબક્કામાં આ કાર્ય પૂરું થયા બાદ મંદિરમાં પૂજા અંગેની તીથિ નિશ્ચિત કરવામાં આવશે. ડી. એમ. દિલીપ જાવલકરે કહ્યુંકે મંદિર સમિતિના કાર્યમાં પ્રશાસન દખલ કરતુંનથી મંદિર સમિતિ પોતે જ નિર્ણયો કરે છે.

### સં-વેદના (પાન નં.૪ નું ચાલું)

એટલે મારી દીકરીની જિંદગી બચાવવા મારી પાસે કોઇ રાહ નહોતો. હું એનો બાપ છું. એની પાયમાલી ન જોઇ શકું ને! મને માફ કરજે. તને મારૂં આ પગલું નહિ ગમે એટલે મેં તારાથી આ વાત છુપાવી છે. છોરૂં કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય! જિંદગીનાં ત્રીસ વર્ષ લોકોને મદદ કરી છે. વખત આવે મારી દીકરીને મદદ કરવાની મારી ફરજ નથી?" બોલતાં બોલતાં વિનય શેઠ રડી પડ્યાં.

વિનય શેઠને પહેલે દિવસે લાચારીથી પ્રેરાઇ કોલેજની ફી માટે મળવા ગયેલા એ દિવસ રાજેશને યાદ આવતાં એની આંખો સામે એક જ સવાલ જડાઇ ગયો. 'લાચારી માનવીને શું કરવા નથી પ્રેરતી?'

"ધન્ય છે શેઠ આપના જીવતરને! બધાનાં હૈયાનાં ઊંડાણમાં આપના જેવા દયા અને સમભાવ હોય તો પૃથ્વી પર સ્વર્ગ ઉતરે! કહેતાં વિનય શેઠના પગ પકડી ધન્યતા અનુભવતો રહ્યો."

## મ્યુચ્યુલ ફંડોના વિકાસ માટે મૂડીનું વચન આપતી સેબી

મુંબઈ, તા.૨૮

બજારના નિયમનકાર સિક્યોરિટી એકશન બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની ગંભીર ન હોય તેવી મ્યુચ્યુલ ફંડ કંપનીઓને નિયમનકારી અવરોધો સામે ચેતવી છે. અને જણાવ્યું હતું કે ફંડ ગૃહોને આ ક્ષેત્રની લાંબા ગાળાની વૃદ્ધિ માટે મૂડી માટે વચનબદ્ધતા બનાવવા અને બિન મેટ્રો બજારોમાં જવા માટે જણાવ્યું હતું.

સેબીના ચેરમેન યુ.કે. સિંહાએ સીઆઈઆઈ દ્વારા યોજવામાં આવેલી એમએફ સમિટ દરમિયાન કહ્યું હતું કે અમે ટોચના ૧૫ શહેરોથી વધુમાં જવા માટે એએમસી (અસ્કયામત સંચાલન કંપનીઓ)ને ખૂબ વાજબી પ્રોત્સાહન આપ્યા છે. એમએફની નવી નીતિમાં આ માપદંડો પૂરા નહી કરતી કંપનીઓને અવરોધ અને સામનો કરવો પડશે. જો તમે એફએમ કંપની બનવા માંગતા હોય તો તમારે ગંભીર થવું પડશે ગંભીરનો અર્થ મૂડીની વચનબદ્ધતા થાય છે તેથી જે કંપનીઓ ગંભીર નથી તેમના મોટા કાયદાકીય ઉદ્દેશને પૂરો કરવા માટે કેટલાક નિયમનકારી અવરોધો માટે જરૂર છે.

આ બાબત અંગેની એક સમિતિની નિમણૂંક કરી છે. જે આગામી બે થી ત્રણ મહિનામાં એમનો અહેવાલ સુપ્રત કરશે સેબીએ એફએમ ઉદ્યોગ માટે લાંબાગાળાની નીતિની રચના કરવા એક જૂથની સ્થાપના કરી છે.

## એસએમએમ ટિકીટ બુકીંગ સેવા કાર્યરત કરવામાં આવી

લખનૌ,તા.૨૮

રેલવેમાં મુસાફરી કરનારા પ્રવાસીઓ માટે ખુશખબર છે કે આજથી પ્રવાસીઓ તેમની ટિકિટોનું રીઝર્વેશન હવે એક એસએમએસ દ્વાર કરી શકશે આજથી રેલવેની આ સુવિધા કાર્યરત થઈ રહી છે. હવે પ્રવાસીઓ માત્ર એક એસએમએસ દ્વારા રિઝર્વ ટિકિટ પ્રાપ્ત કરી શકશે ભારતીય રેલવે ખાદ્ય અને પર્યટન નિગમ આઈઆરસીટીસીમાં એક એસએમએસ દ્વારા આ સુવિધા પ્રાપ્ત થશે એસએમએસ સેવાનો આરંભ આજે સાંજના ૪.૦૦ વાગે રેલ્વે મંત્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા દિલ્હીમાં થશે. આઈઆરસી-ટીસીના મુખ્યમ



જનસંપર્ક અધિકારી પ્રદિપ કુંડુંએ જણાવ્યું હતું કે, યાત્રિઓએ એસએમએસ મારફતે રિઝર્વ ટિકિટ મેળવવા માટે પોતાની બેંકમાં મોબાઈલ ફોન નંબર રજીસ્ટ્રર્ડ કરાવવો પડશે. બેંકમાં મોબાઈલ મની આઈડેન્ટીફાયર (એમએમઆઈ) અને પાસવર્ડ મળશે આ પાસવર્ડ લાઈફ ટાઈમ માટે ઉપલબ્ધ થશે ત્યારબાદ યાત્રિએ બેંકમાં પોતાનું રજીસ્ટ્રેશન મોબાઈલ દ્વારા આઈઆર સીટીસીના નંબર ઉપર એસએમએસ દ્વારા મોકલવાનો રહેશે. આઈઆરસીટીસીનો નંબર આજે જાહેર કરવામાં આવશે.

યાત્રિએ તેના મોબાઈલ નંબર ઉપર ટ્રેનનો નંબર રિઝર્વેશનની શ્રેણી, યાત્રાની તારીખ, કયાં સ્ટેશનથી કયા સ્ટેશન સુધીની મુસાફરી પોતાનું નામ, ઉંમરની જાણકારી આઈઆરસીટીસીના નંબર ઉપર એસએમએસ કરવાની રહેશે ત્યારબાદ જે તે સંબંધિત તરીકે સીટની ઉપલબ્ધિ છે કે નહી તે અંગેનો સંદેશો યાત્રિને ફોન ઉપર મળશે.

ત્યારબાદ યાત્રિએ ફરી એસએમએસ મોકલીને ટિકિટ મેળવવાની રહેશે અને પેમેન્ટની ચૂકવણી માટે યાત્રિએ પોતાનો એમએમઆઈ નંબર અને પાસવર્ડ આઈઆરસીટીસીના નંબર ઉપર મેસેજ કરવાનો રહેશે એક મેસેજના ત્રણ રૂપિયા ચાર્જ લગાવવામાં આવશે. વેઈટીંગ ટિકિટ કન્ફર્મ ન થાય તો એસએમએસ દ્વારા રેલવેનો ચાર્ટ બનતા પહેલા તેને કેન્સલ કરાવવાની સુવિધા પણ મળશે. એક તરફની યાત્રા કરવા માટે એક એસએમએસ કરવાનો રહેશે અને રિટર્ન ટિકિટ માટે બીજો મેસેજ કરવાનો રહેશે.